# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે મેડીકલ કોલેજનું ભૂમિપૂજન અને ટ્રોમા સેન્ટરનું લોકાર્પણ

## જિલ્લામાં રૂ. ૩૫૦ કરોડના ખર્ચે મેડીકલ કોલેજનું નિર્માણ કરાશે

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના -ભારી અને આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસના અધ્યક્ષ સ્થાને આજે જિલ્લામાં નિર્માણ થનાર મેડિકલ કોલેજનું ભૂમિપૂજન અને ટ્રોમા સેન્ટરનું લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. આ -સંગે શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરા, ગૃહ રાજયમંત્રીશ્રી -ફૂલભાઈ પટેલ તથા શિક્ષણ રાજય મંત્રીશ્રી જયસિંહ ચૌહાણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લાના વિકાસની વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, જિલ્લાની -જાના પાયાના ને એવા પાણી પુરવઠા, આરોગ્ય, શિક્ષણ અને માઈક્રો ઈરીગેશન પર વિશેષ ભાર મુકી સર્વગ્રાહી આયોજન રાજય સરકાર ધ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

સાબરકાંઠા જિલ્લો બહુધા વિસ્તાર આદિજાતી વસ્તી ધરાવતો છે જયા ગામડાના ગરીબ દર્દીઓને વિનામૂલ્ય સારવાર મળી રહે તે માટે આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બનાવવામાં આવી છે. જિલ્લામાં આજે કોઈ પણ ગરીબ દર્દી સારવારના અભાવે મુત્યુના પામે તે માટે અત્યંત આધૂનિક એવા ટ્રોમા સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ટ્રોમા સેન્ટર રૂ. ૪.૭૭૫ કરોડના ખર્ચે નિર્માણ કરી તેમાં વેન્ટિલેન્ટર, ઈન્કયુબેટર, આઈસીયુ વોર્ડ અને આધૂનિક મશીનરીથી સજજ કરવામાં આવ્યું છે. જિલ્લામાં વધતી જતી વસ્તી અને અકસ્માતોના વધતા જતા -માણના કારણે આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ કરવા દરેક જિલ્લાઓમાં ટ્રોમા સેન્ટરનું નિર્માણ કરવામાં આવી રહ્યા છે.

વધુમાં મંત્રીશ્રીએ આરોગ્ય ક્ષેત્રે થયેલા વિકાસની રૂપરેખા આપતા જણાવ્યું હતુ કે અગાઉ રાજયમાં સિમિત સંખ્યામાં મેડિકલ કોલેજ હતી પરંતુ આજે દરેક જિલ્લામાં મેડિકલ કોલેજનું નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. જિલ્લાવાસીઓ માટે આજે આનંદ દિવસ છે કે વર્ષો જૂનુ મેડિકલ કોલેજ સપનું સાકાર થઈ રહ્યુ છે. જિલ્લામાં રૂ. ૩૫૦ કરોડના ખર્ચે આધુનિક મેડિકલ કોલેજનું નિર્માણ કરવામાં આવશે.

જેમાં ૧૫૦થી વધુ વિધાર્થીઓ મેડિકલનું ઉચ્ચ શિક્ષણ ઘર આગંણે -ાક્ર કરી શકશે. અગાઉ દશકાની પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે રાજયમાં માત્ર ૪૦૦ વિધાર્થીઓ મેડિકલનું ઉચ્ચ શિક્ષણ મેળવી શકતા હતા જેને કારણે વિધાર્થીઓને વધુ નાંણા આપીને પર-ાંતની કોલેજમાં -વેશ મેળવવો પડતો હતો જેને કારણે રાજયમાંથી દર વર્ષે રૂ. ૧૨૦૦ કરોડ અન્ય રાજયમાં જતા હતા. પરંતુ છેલ્લા દશકામાં પરિસ્થિતિ બદલાતા રાજયના ગરીબ માણસનો દિકરો પણ મેડિકલનું ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તેવુ શ્રેષ્ઠ કામ રાજય સરકાર ધ્વારા કરવામા આવ્યું છે.

આદિવાસી પરિવારોની મહિલાઓને આવરી લેતી ચિરંજીવી યોજના, આરોગ્ય ચકાસણી ઉપરાંત આરોગ્ય કેન્દ્રોમાં સુવિધા વધારવા રૂ.૬૮૮.૯૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. સાથોસાથ જિલ્લામાં આરોગ્યલક્ષી સુવિધાઓ મળી રહે તે માટે -સૂતિ વોર્ડ-ચિલ્ડ્રન વોર્ડ-બર્નસ વોર્ડ-ઓપરેશન વોર્ડનું અપગ્રેડેશન જેવી સગવડો માટે રૂ. ૨૧૭.૬૨ લાખનું આયોજન કરાયું છે.



આ -સંગે શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાએ -સંગોચિત ઉદબોધન કરતા જણાવ્યું હતું કે સાબરકાંઠા જિલ્લો એજયુકેશન હબ બની રહ્યો છે, જિલ્લામાં મેડિકલ કોલેજના નિર્માણ ઉપરાંત આગામી સમયમાં કામધેનુ યુનિવર્સિટી, વલ્ડ કલાસ યુનિવર્સિટી અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું એકસટેન્શન સેન્ટરનું નિર્માણ સાબરકાંઠા જિલ્લામાં નિર્માણ થનાર છે. જેનો વધુમાં વધુ લાભ આ જિલ્લાવાસીઓને મળશે. રાજયમાં શિક્ષણનો વ્યાપ વધારવા જિલ્લાકક્ષાએ મેડિકલ કોલેજ જેવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનું નિર્માણ કરવામાં આવી રહ્યુ હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું

## પ્રાંતિજ ખાતે શાળા સંચાલકોની બેઠક મળી

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના સંચાલકો તેમજ પ્રતિનિધિઓની બેઠક પ્રાંતિજની સી.કે. પટેલ કોલેજ સંકુલમાં તાજેતરમાં મળી હતી. જેમાં મોટી સંખ્યામાં સંચાલકોએ હાજરી આપી હતી અને સભાના પ્રમુખ તરીકે ધનજીભાઈ પટેલની પસંદગી કરવામાં આવી હતી.

જિલ્લામાંથી ઉપસ્થિત રહેલા શાળા સંચાલકોએ આ બેઠકમાં શાળા સંચાલકોને લગતા પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે અંબુભાઈ પટેલ, જે.કે. માંકડીયા, ખેડબ્રહ્માના જેઠાભાઈ પટેલ, તલોદથી રતિલાલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડબ્રહ્મા ખાતે ભેળસેળયુકત ચીજવસ્તુઓના વ્યાપારથી પ્રજા હેરાન

ખેડબ્રહ્મા, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા શહેર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં નકલી તેમજ ભેળસેળ યુકત ચીજવસ્તુઓનું બજારમાં મોટા પાયે વેચાણ થતું હોવાની ફરિયાદ લોકોમાં ઉઠવા પામી છે. તંત્ર સમક્ષ અનેકવાર ફરિયાદ કરવા છતાંયે તંત્ર દ્વારા કોઈ ચોકકસ પગલા લેવાયા નથી તેવું લોકોનું કહેવું છે.

ખેડબ્રહ્મા તાલુકાના સરહદી ગામડાઓમાં નકલી ચીજવસ્તુ જેવી કે ઘી, તેલ, રસકટ ગોળ, બીજી અનેક ખાદ્ય પદાર્થોમાં ભેળસેળની પ્રવૃત્તિ પૂરબહારમાં ખીલી ઉઠી છે. સરકારી તંત્ર પાસે આ નેટવર્કની માહિતી રજેરજની છે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. તંત્રના અધિકારીઓ આવા ભેળસેળીયા વેપારીઓને જેલ હવાલે કરવાને બદલે ભેદી મૌન ધારણ કરીને બેઠા છે તે અનેક તર્ક વિતર્ક સાથે શંકા ઉપજાવે છે. ખેડબ્રહ્મા તાલુકામાં યોગ્ય દિશામાં ચોકકસ તપાસ કરવામાં આવે તો ભેળસેળયુકત અખાદ્ય નકલી ચીજવસ્તુઓનું મોટું નેટવર્ક તંત્રના હાથે ઝડપાઈ જાય તેવી લોકોની માંગણી છે.



### માઈ ભક્તો સાષ્ટાંગ દંડવત કરતા કરતાં ખેડબ્રહ્મા પહોંચ્યા

મા ભગવતીના દર્શન અને બાધા પૂરી કરવા લાખો શ્રદ્ધાળુ ઉમટી રહ્યા છે ત્યારે દહેગામના ત્રણ માઈ ભક્તો સાષ્ટાંગ દંડવત કરતા ખેડબ્રહ્મા પહોંચ્યા છે. જગ પ્રસિદ્ધ અંબાજી ખાતે યોજાતા ભાદરવી પૂનમના મહામેળામાં જતા પદયાત્રીઓ ખેડબ્રહ્મા થઈ અંબાજી જાય છે. કુલ એકાવન શક્તિપીઠો પૈકી એક શક્તિપીઠ આરાસુરી મા અંબાજી ગણાય છે. દહેગામ ગામના પ્રકાશભાઈ ફતેસિંહ ઠાકોર તેમની માતા કેશાબેન ફતેસિંહ ઠાકોર અને રમેશભાઈ ડાયાસિંહ ઠાકોર આજે સાષ્ટાંગ દંડવત કરતા ખેડબ્રહ્મા આવી પહોંચ્યા હતા. કેશાબેનની બાધા પૂર્ણ થતા તેઓ રવિવારના રોજ દહેગામથી નિકળ્યા હતા અને આજે અંબાજીમાં માના દર્શન કરી ટેકી પૂર્ણ કરશે. આ અગાઉ તેઓ દસ વર્ષથી ચાલતા અંબાજી જતા હતા આ સંઘમાં તેમની સાથે બીજા ૧૦ માણસો પણ અંબાજી દર્શન કરી ધન્યતા અનુભવશે. (તસવીર : કાંતિલાલ લોધા)

# સાબરકાંઠા જિલ્લામાં ત્રણ સ્થળે ત્રણ ચોરીના બનાવો

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસમાં ત્રણ તાલુકામાં અલગઅલગ ત્રણ સ્થળોએ ચોરીના બનાવો બનતા ભારે ચકચાર મચી જવા પામી હતી. જે અંગે ત્રણ અલગ અલગ પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાબરકાંઠા જિલ્લાના ઈજર તાલુકાના હિંગલાજ ગામે ગત ૨૪મી સપ્ટેમ્બરના રોજ રાત્રીના સમયે કોઈ ચોર ઈસમોએ ઉ.જી.વી.સી.એલ.ના ટ્રાન્સફોર્મરના નટ બોલ્ટ ખોલી અંદરથી ૧૫૦ લીટર ઓઈલ કિંમત રૂ. ૭૫૦૦૦ની ચોરી કરી અને ૫૦૦૦નું નુકશાન કરી નાસી ગયા હતા. આ અંગે નાયબ ઈજનેર ગોવિંદભાઈ બજાતે જાદર પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે બીજો ચોરીનો બનાવ ભિલોડા તાલુકાના મોધરી ગામે દલપતસિંહ રાવના બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકી નળિયા ખોલી લાકડા કાપી અંદર પ્રવેશ કરીને તિજોરી તોડી અંદરથી સોનાના દાગીના અંદાજે પાંચ તોલાના ૫૦૦ ગ્રામ ચાંદીના અને રોકડ રકમ ૩ હજાર મળી કુલ રૂ. ૯૮ હજારની મત્તાની ચોરી કરી લી જતા ભિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉપરાંત ત્રીજો ચોરીનો બનાવ હિંમતનગરના સવગઢ ગામે વહેલી સવારે ગામની પનરાવાલી મસ્જીદ પાસે રહેતા આલમખાન સમદરખાન પઠાણ પોતાના ઘર આગળ ખાટલામાં સુઈ ગયેલ ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ તેમના ઓશીકા નીચેથી મોબાઈલ નંગ-૪ કિંમત રૂ. ૬ હજાર અને ઘર આગળ પાર્ક કરેલ બાઈક નંબર જીજે-૯-સીઈ-૫૧ કિંમત રૂ. ૫૦ હજારની મળી કુલ ૫૬ હજારની મત્તાની ચોરી કરી લી ગયા હતા. જે અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈસ્લામ ધર્મના સ્થાપક હઝરત મોહમંદ પયગમ્બર સાહેબ વિશે અપમાનજનક ફિલ્મ સામે મુસ્લીમોમાં પ્રચંડ રોષ

## આજે જુમ્માની નમાજ બાદ હિંમતનગરમાં મુસ્લિમ સમાજ દ્વારા રેલીનું આયોજન : હિંમતનગરનો જિલ્લા કલેક્ટરને આવેદન

હિંમતનગર, તા. ૨૮

પવિત્ર ઈસ્લામ ધર્મના સ્થાપક હઝરત મોહમંદ પયગમ્બર (સ.અ.વ.) સાહેબ વિશે અપમાનજનક ફિલ્મને પ્રસિદ્ધ થતાં અટકાવવા તથા એના ડાયરેક્ટર અને હિરો-હિરોઈન પર સખતમાં સખત કાર્યવાહી થાય તે આશયથી સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરના મુસ્લિમોએ તા. ૨૮-૯-૧૨ને શુક્રવારના રોજ જુમ્માની નમાજ બાદ જુમ્મા મસ્જીદમાંથી ૨.૩૦ કલાકના સમયે મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું અને હિંમતનગર જિલ્લા કલેક્ટરને એક આવેદન પત્ર પાઠવવા જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમો જોડાયા હતા.

ઈસ્લામ ધર્મ અંગે હાલમાં જે ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવેલ છે. જેમાં ઈસ્લામ ધર્મ અને પયગમ્બર સાહેબની બદનક્ષી અને અવમાનના કરવામાં આવેલી છે. તે કોઈપણ મુસ્લિમ સાંખી લઈ શકે નહિ. ઈસ્લામ વિરોધી દર્શાવવામાં આવેલ ફિલ્મને હિંમતનગર શહેરના તમામ મુસ્લિમો વખોડી કાઢીએ છીએ. આવી ફિલ્મો બનાવનારાઓ વિરૂદ્ધ અમેરિકા સખ્ત હાથે કામ લે. કેન્દ્ર સરકાર અમેરિકાને આવી ધર્મ વિરૂદ્ધ પ્રવૃત્તિઓ બંધ કરવા તથા કોઈપણ ધર્મ વિરોધ થતાં અપ્રચારને તાત્કાલિક બંધ કરે તેમજ હાલમાં પ્રસિદ્ધ કરવામાં આવેલી ઈસ્લામ વિરોધી ફિલ્મ ઉપર તાત્કાલિક પ્રતિબંધ લગાવી આ ફિલ્મ બનાવનારા ડાયરેક્ટર કૌલા બેસ્સેલી વિરૂદ્ધ તાત્કાલિક કાનુની કાર્યવાહી કરે તેવી માંગણી કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

આવેદનપત્રની નકલ રવાના મે. જિલ્લા કલેક્ટર,સાબરકાંઠા, મે. રાજયપાલ શ્રી ગુજરાતરાજ્ય, મે. રાષ્ટ્રપતિ શ્રી નવી દિલ્હી, ભારત તરફ જાણ કરેલાનું જાણવા મળે છે.

# ઊંઝા નજીક ટર્બો ટ્રકમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો

ઊંઝા, તા.૨૮

તાજેતરમાં ઊંઝા નજીકના ઐઠોર ગામે હાઈવે પાસેના ખેતરની ઓરડીઓ પર દારૂની બાતમીના આધારે ડી.જી. વિજીલન્સ સ્કવોર્ડના અધિકારીઓએ સ્ટાફ સાથે દરોડો પાડીને રૂપિયા ૨૦ લાખની કિંમતના પરપ્રાંતની બનાવટની દારૂની બાટલીઓનો જથ્થો તેમજ એક મોટરકાર અને સ્કુટર મળી કુલ ૨૬.૩૦ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કરી ઓરડીઓના માલિકની ધરપકડ કરી હતી જયારે મુખ્ય સુત્રધાર ઊંઝાના રમેશ ઈન્દ્રમલ મારવાડી અને વાહનોના ચાલકો ફરાર થઈ ગયા હતા.

આ દારૂના ગુનામાં સંડોવાયેલ મુખ્ય આરોપી રમેશ મારવાડી હજી પકડાયો નથી ત્યાં ફરી પરપ્રાંતમાંથી ટ્રકમાં દારૂનો મોટો જથ્થો મંગાવીને ઊંઝા વિસ્તારમાં ઉતારવાનો હોવાની મળેલ બાતમીના આધારે વિસનગર ડી.વાય.એસ.પી. જે.કે. રાઠોડે અને ઊંઝા પો.ઈ. નંદાસણાએ સ્ટાફ સાથે રાતના સમયે વોચ ગોઠવી હતી ત્યારે ઊંઝા નજીકના મકતુપુર હાઈવે પરથી એક ટર્બો ટ્રક મકતુપુર ગામ તરફ જતાં પોલીસે તેનો પીછો કર્યો હતો. જે દરમિયાન અહીંથી થોડે દુર ટુંડાવ અને સિંહી ગામ વચ્ચેની કેનાલ પર પોલીસે ટર્બો ટ્રકને આંતરી હતી. આ સમયે ટર્બો ચાલક અને અન્ય એક ઈસમ કયાંક નાસી છૂટયા હતા. બાદ પોલીસે ટ્રકની તલાશી લેતાં તેમાં ભુસાના કોથળાઓની નીચે કાગળના પુંઠાઓના બોકસમાં પરપ્રાંતની બનાવટના દારૂ તથા બિયરના ટીનની પેટીઓ હોવાનું માલૂમ પડયું હતું. જેથી પેટીઓમાં ભરેલ ૯૫૨૮ નંગ દારૂની બાટલીઓ કિંમત રૂપિયા ૨૮,૦૩,૨૦૦, ૧૭૫ ટીનમાં ભરેલ ૪૨૦૦ નંગ બિયરના ટિન કિંમત રૂપિયા ૪,૨૦,૦૦૦ મળી કુલ ૩૨,૨૩,૨૦૦ની કિંમતના મત્તાનો દારૂનો જથ્થો તથા પંદર લાખની કિંમતની ટર્બો ટ્રક નં. આર.જે. ૧૯-૦૪૫૯ અને તાડપત્રી, રસ્સા મળી કુલ ૪૭,૨૪,૪૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઊંઝા પો.ઈ. નંદાસણાની ફરિયાદના આધારે સ્થાનિક પોલીસે રમેશ ઈન્દ્રમલ મારવાડી, ટર્બો ટ્રકના ચાલક સહિત ત્રણ ઈસમો વિરૂધ્ધ પ્રોહિબીશન એકટની કલમ ૬૬ બી, ૬૫એઈ ૧૧૬ બી ૬૭સી ૮૧ મુજબ ગુનોદાખલ કરી વધુતપાસ આરંભી છે.



પર્યુષણ એક આધ્યાત્મક મહાપર્વ છે. જે વૈચારિક પ્રદૂષણથી મુક્તિ અપાવે છે ત્યારે હાલમાં દેરોલ મુકામે જૈન સમાજ દ્વારા પર્યુષણથી ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત દેરોલ ગામની ગામની ૧૫ વર્ષીય કિશોરી સોનલ જીતેન્દ્રસિંહ વાઘેલાએ દશ લક્ષણ પર્વમાં પાંચ ઉપવાસની આરાધના કરી સહુ શ્રાવકોના મન જીતી લીધા હતા.

# ઈડરના રતનપુર ગામે પતિએ પત્ની પર આડા સંબંધનો વહેમ રાખી પત્નીની હત્યા કરી પતિ ફરાર

## સાબરકાંઠામાં ચાર દિવસમાં પત્ની પર વહેમ રાખી હત્યા કર્યાનો બીજો બનાવ

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લામાં પત્ની પર વહેમ રાખી હત્યા કરવાના ચાર દિવસમાં બે બનાવો બનવા પામ્યા છે. ભિલોડાના જુમસર ગામે ચાર દિવસ પહેલા પતિએ પત્ની પર વહેમ રાખી મોડી સાંજે ઘરમાં પત્નીની હત્યા કરી નાખી હતી જ્યારે હત્યાનો બીજો બનાવ ઈડર તાલુકાન રતનપુર ગામે શુક્રવારના રોજ વહેલી સવારે પતિએ પત્ની પર આડા સંબંધનો વહેમ રાખી પત્નીના ગળાના ભાગે તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કરી નાસી ગયેલ આ અંગે ઈડર પોલીસમથકે હત્યારા પતિ વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત આપતા ખેડબ્રહ્મા સી.પી.આઈ. વી.કે. દેલવાડીયાએ જણાવેલ કે ઈડરના રતનપુર ગામે રામભાઈના ખેતરના કુવા પર પરિવાર સાથે રહીને મજુરી કામ કરતો મૂલ બરોડા જિલ્લાના નસવાડીનો રમેશ વસાવા પોતાની પત્ની ૪૫ વર્ષીય સનીબેન પર આડા સંબંધનો વહેમ રાખતો હતો.

દરમિયાન શુક્રવારના રોજ વહેલી સવારે કુવા પરના ઘરમાં રમેશે પોતાની પત્ની સનીબેનના ગળાના ભાગે કોઈ તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કરી નાસી ગયો હતો. ત્યારબાદ સનીબેનની ૨૦ વર્ષની દીકરી જાગતા ખબર પડી તો બુમાબુમ કરતા સનીબેનનો ૨૧ વર્ષીય દિકરો દોડી આવ્યો હતો અને આ ઘટનાની ગામમાં જાણ કરતા લોકો ટોળે ટોળા આવી ગયા હતા અને આ અંગે ઈડર પોલીસમથકે જાણ કરતા ઈડર પોલીસ ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### જાહેર નિવિદા નં. ૫ સને ૨૦૧૨-૧૩ (બીજો પ્રયત્ન)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૬, બ્લોક નં. ૧૪, ડૉ. જીવરાજ મહેતા, ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર પીન કોડ નં. ૩૮૨૦૧૦ (ફોન નં. ૨૩૨ ૫૪૭૯૦)ની કચેરી દ્વારા કપડા ધોલાઈ તેમજ ઈસ્ત્રી કામના અનુભવી ઈજારદારો (ફક્ત ગાંધીનગર પુરતુ) પાસેથી અંદાજી રકમ ૨.૫૦ લાખનું - ૧ કામ માટે ટેન્ડર માંગવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૪-૧૦-૨૦૧૨ છે અને પરત સ્વીકારવાની તા. ૧૨-૧૦-૨૦૧૨ છે.

આ કામની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ ઉપર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો રૂબરૂમાં સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૫૩૯/૧૨-૧૩

### ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા (ગુ.પા.પુ. અને ગ. વ્ય. બોર્ડ)

**નિવિદા નં - ૨ / સને ૨૦૧૨-૧૩**

**ટેન્ડર આઈ ડી :- ૯૮૮૨૬**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા (ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ)ની પ્રયોગશાળાઓ માટે ઇ-ટેન્ડર પદ્ધતિથી નેશનલ રૂરલ ડ્રીંકીંગ વોટર પ્રોગ્રામ અંતર્ગત પીવાના પાણીના ટેસ્ટીંગની કામગીરી માટે ગુજરાત રાજ્યમાં ૨૦ તાલુકા પ્રયોગશાળાઓ ટર્નકી આધારીત ઊભી કરવાના કામ માટે ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજિત કિંમત રૂ. ૨.૮૬ સકરોડની છે. ટેન્ડર તથા કામને લગતી વિગતવાર વિગતો માટે વેબસાઈટ http://gwssb.nprocure.com અને www.statetenders.com પરથી મેળવી શકાશે. ઓન લાઈન ટેન્ડરો તા. ૨૮-૯-૨૦૧૨ ડાઉનલોડ કરી શકાશે. ઓન લાઈન સબમીશનની છેલ્લી તા. ૨૯-૧૦-૨૦૧૨ની છે અને ઓનલાઈન ટેકનીકલ બીડ ખોલવાની તા. ૫-૧૧-૨૦૧૨ની છે. આ કામના ટેન્ડરો મુખ્ય ઈજનેર અને નિયામકશ્રી કચેરી, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે ખોલવામાં આવશે. કામ અંગેની વધારાની વિગતો માટે ઉક્ત કચેરીએથી મળી શકશે. ફોન નં. ૦૭૯-૨૩૨૨૩૯૪૧-૪૭

માહિતી/૧૫૩૮/૧૨-૧૩

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સકલુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેકટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮